| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૦૧/૨૦૨૪ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૦૯ લીટર દેશી દારૂ, ૨૪૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૦૩ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ આયશર ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૫/૨૦૨૪

**વટવાઃ** રોહિતભાઈ હંસરાજભાઈ પટેલ (ઉ.વ.૩૭)(રહે.દિપમાલા બંગ્લોઝ, કેડીલા બ્રિજ પાસે, ઘોડાસર) એ તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૩ થી તા.૧૩/૦૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રમેશભાઇ નરેશકુમાર ગોપલાની (રહે,સોરાબજી એપાર્ટમેન્ટ, ઝુલેલાલ ચોક પાસે, જુના વાડજ, નારણપુરા) એ રોહિતભાઇના ઘરે આવી અલગ-અલગ કંપનીની ગાડીઓ બતાવી વેચાણ થી અપાવવાની વાત કરી, રોહિતભાઇ પાસેથી કુલ રૂપિયા ૧૨,૮૦,૦૦૦/- મેળવી લઇ, કોઇ ફોર વ્હીલર ગાડી નહી અપાવી તેમજ રૂપિયા પરત નહી આપી રોહિતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઈ આણંદભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૬/૨૦૨૪**

**સોલા હાઇકોર્ટઃ** રાહુલકુમાર રવીકુમાર ઠાકુર (ઉ.વ.૧૩)(રહે.મથુરાનગર, વનરાજ ફ્લેટની સામે, ચાંદલોડીયા) તા.૦૯/૦૧/૨૦૨૪ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનના ધાબા ઉપર જે પાઇપથી પતંગ પકડવા જતો હતો તે પાઇપ વિજળીના તારને અડી જતા કરંટ લાગતા શરીરે દાઝી જતા સારવાર અર્થે તેને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૧/૨૦૨૪ રાતના ૮/૩૦ વાગ્યે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ અમર જવાન સર્કલ પાસે નવા બનતા પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનમાં મજુરીકામ કરતા અને ત્યાંજ રહેતા સબુરભાઈ મડીયાભાઈ પરમાર (મૂળ વતનઃ ગામ-ઝરીબુઝગર તા-ગરબાડા જી-દાહોદ) નાઓની પુત્રી ગીતા (ઉ.વ.૯) તા.૧૩/૦૧/૨૦૨૪ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના બ્લોક નંબર-૦૩ નીચે રમતી હતી ત્યારે એક સિમેન્ટ ભરેલું બાચકુ આકસ્મીક રીતે પાંચમાં માળેથી નીચે ગીતાના માથા ઉપર પડતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેને પરીખ હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ ગીતાને મૃત જાહેર કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૭/૨૦૨૪**

**સોલા હાઇકોર્ટઃ** પ્રમોદ રામચંદર વિશ્વવકર્મા (ઉ.વ.૨૭)(રહે.રણછોડરાયનગર વિભાગ-૧, ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૪ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઈ લખાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી